

<u>પ્રેસ નોટ- તા.૦૯/૦૫/૨૦૨૨</u>

**અમરેલી તાલુકાના જસવંતગઢ ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતા ૯ ઇસમોને રોકડ રકમ, મોબાઇલ ફોન, વાહનો તથા જુગારના સાહિત્ય સહિત કુલ કિં.રૂ.૨,૦૯,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં દારૂ-જુગારની બદીને નેસ્ત-નાબુદ કરવા સુચના આપેલ હોય અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં પ્રોહિબીશન તથા જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવીતેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને , માર્ગદર્શન આપેલ.

જે અન્વયે આજ રોજ તા.૦૯/૦૫/૨૦૨૨ ના શરૂ રાત્રિના સમયે અમરેલી તાલુકા વિસ્તારના જસવંતગઢ ગામની શીધાર તરીકે ઓળખાતી સીમમાં આવેલ ચંદુભાઇ રવજીભાઇ મકરૂદીયા, રહે.ચિત્તલ વાળાની વાડી ખેતરના શેઢા પાસે આવેલ જાહેર રસ્તામાં મોબાઇલ ફોનની ફ્લેશ લાઇટના અજવાળે કેટલાક ઇસમો ગંજી-પત્તાના પાના વડે પૈસાથી હારજીતનો તીન-પત્તીનો જુગાર રમે છે ,તેવી ચોક્કસ બાતમી આધારે **અમરેલી એલ.સી.બી .ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી** નાઓની રાહબરી નીચે **એલ.સી.બી. ટીમે** બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતા કુલ નવ ઇસમોને રોકડ રકમ, જુગારના સાહિત્ય, મોબાઇલ ફોન તથા વાહનો સાથે પકડી પાડી ,તમામ ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, **અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➡ <u>જુગાર રમતા પકડાયેલ આરોપીઓની વિગતઃ-</u>

**(૧) સુરેશભાઇ ગોવિંદભાઇ વાડદોરીયા, ઉ.વ.૫૦, ધંધો-ખેતી, રહે.લુવારીયા, તા.લાઠી, જિ.અમરેલી**

**(૨) જયેશભાઇ ડાયાભાઇ બોઘાણી, ઉ.વ.૩૮, ધંધો-ખેતી, રહે.શેડુભાર, તા.જિ.અમરેલી**

**(૩) દીનેશભાઇ બાલુભાઇ બોદર, ઉ.વ.૪૫, ધંધો-ખેતી, રહે.શેડુભાર, તા.જિ.અમરેલી**

**(૪) વિપુલભાઇ બચુભાઇ કોઠીયા, ઉ.વ.૪૧, ધંધો-ખેતી, રહે.શેડુભાર, તા.જિ.અમરેલી**

**(૫) ત્રિકમભાઇ કાળાભાઇ શેલડીયા, ઉ.વ.૫૫, ધંધો-ખેતી, રહે.શેડુભાર, તા.જિ.અમરેલી**

**(૬) દીપકભાઇ ઇન્દુભાઇ વાળા, ઉ.વ.૩૧, ધંધો-ડ્રાઇવિંગ, રહે. ચિતલ, તા.જિ.અમરેલી**

**(૭) પ્રકાશભાઇ તાજુભાઇ ચારોલીયા, ઉ.વ.૨૮ ધંધો-વેપાર, રહે.ચિતલ, તા.જિ.અમરેલી**

**(૮) કાંતીભાઇ બાવાભાઇ ગોહિલ, ઉ.વ.૪૫, ધંધો-ખેતી, રહે.ચિતલ, તા.જિ.અમરેલી**

**(૯) વિનુભાઇ જીવરાજભાઇ વૈષ્ણવ, ઉ.વ.૫૫, ધંધો-ખેતી, રહે.શેડુભાર, તા.જિ.અમરેલી**

➡ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

રોકડા રૂ.૧,૦૭,૦૦૦ -/તથા મોબાઇલ ફોન નંગ-૦૯, કિં.રૂા.૨૭,૦૦૦ -/તથા મોટર સાયકલ નંગ-૦૪, કિ.રૂા.૭૫૦૦૦ -/મળી કુલ **કિ.રૂા.૨,૦૯,૦૦૦ -/નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



**<u>પ્રેસ નોટ- તા.૦૯/૦૫/૨૦૨૨</u>**

## <u>વડીયા પોલીસ સ્ટેશનના ખુનની કોશિષના ગુનામાં નાસતા ફરતા લીસ્ટેડ હિસ્ટ્રીશીટર આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં શરીર સબંધી અને મિલકત સબંધી ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** વડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી રાહે હકીકત મળેલ કે, **<u>વડીયા પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૬૦૨૨૦૧૯૭/૨૦૨૨, આઇ.પી.સી. કલમ ૩૦૭, ૩૩૭, ૫૦૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫</u>** મુજબના ખુનની કોશિષના ગુનાને અંજામ આપીને નાસી જનાર અને નાસતો ફરતો લીસ્ટેડ હિસ્ટ્રીશીટર આરોપી બરવાળા બાવળ ગામે પોતાના ઘરે હાજર છે તેવી ચોક્કસ બાતમી મળેલ હોય, મળેલ બાતમી આધારે બરવાળા બાવળ ગામે વહેલી સવારે રેઇડ કરીને નાસતા ફરતા આરોપીને પકડી પાડી, તેમની સામે ધોરણસર કાર્યવાહી થવા સારૂ **વડીયા પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➡ **<u>પકડાયેલ હિસ્ટ્રીશીટર આરોપીની વિગતઃ-</u>**

**દીલુભાઇ સુરીગભાઇ ઉર્ફે સુરગભાઇ વાળા, ઉ.વ.૫૦, રહે.બરવાળા બાવળ, તા.વડીયા, જિ.અમરેલી.**



**<u>પ્રેસ નોટ- તા.૧૨/૦૫/૨૦૨૨</u>**

**<u>જાફરાબાદ સામાકાંઠા વિસ્તારમાં આવેલ મચ્છીની દુકાનમાંથી મચ્છી સહિતના મુદ્દામાલની ચોરી કરનાર ઇસમને ચોરીનો મુદ્દામાલ વેચીને મેળવેલ રોકડ રકમ, વાહન સહિત કુલ કિં.રૂ.૩૩,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં મિલકત સબંધી વણશોધાયેલ ગુનાઓના આરોપીઓને પકડી પાડી, ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ મિલકત સબંધી વણશોધાયેલ ગુનાઓનો ભેદ ઉકેલી, આરોપીઓને પકડી પાડવા તથા ચોરીનો મુદ્દામાલ રીકવર કરી, તેના મુળ માલિકને મિલકત પાછી મળી રહે, તે માટેના સઘન પ્રયત્નો હાથ ધરવા સુચના અને માર્ગદર્શન આપેલ.

જે અન્વયે આજ રોજ તા.૧૨/૦૫/૨૦૨૨ ના રોજ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી.** નાઓની રાહબરી નીચે **એલ.સી.બી. ટીમ** જાફરાબાદ મરીન પો.સ્ટે. ના સામાકાંઠા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં, તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, મિલકત સબંધી ગુનાઓ આચરતો ઇસમ શંકાસ્પદ હાલતમાં સામાકાંઠા વિસ્તારમાં આવેલ બાપાસીતારામના ઓટલા પાસે મોટર સાયકલ સાથે હાજર છે તેવી ચોક્કસ બાતમી મળતાં, મળેલ બાતમીમાં જણાવેલ વર્ણન વાળા ઇસમને પકડી પાડી, તેની અંગ-જડતી કરતાં, રોકડ રકમ મળી આવેલ હોય, જે રોકડ રકમ બાબતે પકડાયેલ ઇસમની યુક્તિ-પ્રયુક્તિથી પુછપરછ કરતાં, પોતે એકાદ માસ પહેલા જાફરાબાદ સામાકાંઠા વિસ્તારમાં આવેલ મચ્છીની દુકાનમાંથી મચ્છીની ચોરી કરેલ, તે મચ્છી વેચતાં જે રૂપીયા મળેલ હોય, તે આ રૂપીયા હોવાનું જણાવતાં, આ ચોરી અંગે ખાત્રી કરતાં **<u>જાફરાબાદ મરીન પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૨૨૨૦૧૭૬/૨૦૨૨ IPC કલમ ૪૫૭, ૩૮૦</u>** મુજબનો ગુનો રજી. થયેલ હોય, પકડાયેલ ઇસમ સામે ધોરણસર કાર્યવાહી કરી **જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➡ <u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>

**રમેશભાઇ છનાભાઇ પરમાર, ઉં.વ.૨૫, રહે.માણસા (પાટી), તા.જાફરાબાદ, જિ.અમરેલી.**

➡ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

રોકડા રૂ.૨૫,૦૦૦/- તથા બજાજ સીટી ૧૦૦ મો.સા. રજી.નંબર **GJ-08-L-7710**, કિ.રૂ.૮,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૩૩,૦૦૦/- **નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે



**<u>પ્રેસ નોટ- તા.૧૪/૦૫/૨૦૨૨</u>**

**<u>ડુંગર પો.સ્ટે.ના દેવકા ગામે જાહેરમાં જુગાર રમતા ૭ ઇસમોને રોકડ રકમ, મોબાઇલ ફોન તથા જુગારના સાહિત્ય સહિત કુલ કિં.રૂ.૪૦,૮૭૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા અંગે સ્પેશ્યલ ડ્રાઇવનું આયોજન કરેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ આ ડ્રાઇવ દરમ્યાન પ્રોહિબીશન તથા જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

જે અન્વયે ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારના દેવકા ગામે, બાપા સીતારામની મઢુલી સામે આવેલ નેરડામાં અમુક ઇસમો પૈસા પાના વડે હાર જીતનો જુગાર રમે છે, તેવી ચોક્કસ બાતમી આધારે આજરોજ તા.૧૪/૦૫/૨૦૨૨ ની શરૂ રાત્રિના **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી** નાઓએ **એલ.સી.બી.ટીમ** સાથે બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતાં જાહેરમાં જુગાર રમતાં કુલ **૭ ઇસમો**ને રોકડ રકમ, મોબાઇલ ફોન અને જુગારના સાહિત્ય સાથે ઝડપી લઇ, તમામ સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી **ડુંગર પોલીસ સ્ટેશન** માં સોંપી આપેલ છે.

⇨ <u>જુગાર રમતા પકડાયેલ ઇસમોઃ-</u>

(૧) બુધાભાઇ જીણાભાઇ ગુજરીયા, ઉ.વ. ૩૧, રહે.દેવકા, તા.રાજુલા, જિ.અમરેલી.
(૨) કમલેશભાઇ કાનાભાઇ સોલંકી, ઉ.વ. ૨૫, રહે.દેવકા, તા.રાજુલા, જિ.અમરેલી.
(૩) જગદીશભાઇ દેવશીભાઇ સરવૈયા, ઉ.વ.૩૦, રહે.ઝાંજરડા, તા.રાજુલા, જિ.અમરેલી.
(૪) કનુભાઇ ગાંડાભાઇ સાંખટ, ઉ.વ.૩૫, રહે.દેવકા, તા.રાજુલા, જિ.અમરેલી.
(૫) પ્રવિણભાઇ ભીમાભાઇ સાંખટ, ઉ.વ.૨૭, રહે.દેવકા, તા.રાજુલા, જિ.અમરેલી.
(૬) કાળુભાઇ જીણાભાઇ વાઘેલા, ઉ.વ.૪૦, રહે.દેવકા, તા.રાજુલા, જિ.અમરેલી.
(૭) હરીભાઇ દેવશીભાઇ સોંદરવા, ઉ.વ.૨૬, રહે.ડુંગર, તા.રાજુલા, જિ.અમરેલી.

⇨ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

રોકડા રૂ.૧૦,૮૭૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૬, કિં.રૂા.૩૦,૦૦૦/- મળી **કુલ કિં.રૂ.૪૦,૮૭૦/- મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.




**<u>પ્રેસ નોટ- તા.૧૪/૦૫/૨૦૨૨</u>**

**<u>અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીનાઓએ બે દારૂના ધંધાર્થી તથા એક ભયજનક ઇસમ સામે પાસા અધિનિયમ મુજબ કાર્યવાહી કરી કુલ ત્રણ ઇસમોને જેલના સળીયા પાછળ ધકેલ્યાતા.</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં જાણીતા ગુનેગારો અને અસામાજીક તત્વો તથા ગેરકાયદેસર પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો સામે પાસા અને તડીપારના કાયદા હેઠળ અટકાયતી પગલા લેવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં દારૂનું ગેરકાયદેસર વેચાણ, હેર-ફેર, ઉત્પાદન અને સંગ્રહની ગેરકાયદે પ્રવૃતિ કરતાં દારૂના ધંધાર્થી ઇસમો તથા જીવલેણ અગ્નિશસ્ત્ર ગેરકાયદેસર રીતે ગુનો કરવાના ઇરાદે પોતાના કબ્જામાં રાખવાના તથા પ્રોહિબીશનના ગુન્હાઓ કરવાની ટેવ વાળા માથાભારે ભયજનક ઇસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને, તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે **અમરેલી જિલ્લા પોલીસ** દ્વારા અમરેલી જિલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારના અસામાજિક પ્રવૃત્તિઓ કરતા **દારૂના ધંધાર્થી ઇસમો** તથા **ભયજનક ઇસમ** વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્તો તૈયાર કરી, પોલીસ અધિક્ષકશ્રી અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમરેલીનાઓ તરફ મોકલી આપેલ.

પ્રોહી બુટલેગર ઇસમોની સમાજ-વિરોધી પ્રવૃત્તિ તથા શરીર સબંધી ગુનાઓ આચરતા ભયજનક ઇસમોની સમાજ વિરોધી અસામાજિક પ્રવૃતિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, **અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી** સાહેબનાઓએ **એક સાથે ત્રણ ઇસમો**ના પાસા વોરંટ ઇસ્યું કરતાં, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી** સાહેબની સુચના મુજબ **અમરેલી એલ.સી.બી. ટીમ** દ્વારા નીચે જણાવેલ નામ વાળા ત્રણેય ઇસમોને પાસા વોરંટની બજવણી કરી, તેઓના નામ સામે જણાવેલ જેલ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપવા તજવીજ કરેલ છે.

**<u>❖ દારૂના ધંધાર્થીનું નામ અને તેને મોકલેલ તે જેલની વિગતઃ-</u>**

| | | | |
|---|---|---|---|
| (૧) | નિકુંજ ઉર્ફે ભલો હંસરાજભાઇ ઝાપડીયા, ઉં.વ.૨૬, રહે.ટોડા, તા.લાઠી, જિ.અમરેલી. | :- | મધ્યસ્થ જેલ, અમદાવાદ |
| (૨) | વિજય ઉર્ફે લાલો કાથડભાઇ બંધીયા, ઉં.વ.૩૫, રહે.ટોડા, તા.લાઠી, જિ.અમરેલી. | :- | લાજપોર મધ્યસ્થ જેલ, સુરત |

**➢ ભયજનક ઇસમનું નામ અને તેને મોકલેલ તે જેલની વિગતઃ-**

| | | | |
|---|---|---|---|
| (૧) | દાઉદ કાળુભાઇ મોરી, ઉં.વ.૨૨, રહે.સાવરકુંડલા, મારૂતિનગર, તા.સાવરકુંડલા, જિ.અમરેલી. | :- | જિલ્લા જેલ, મહેસાણા |

**➢ દારૂના ધંધાર્થી નિકુંજ ઉર્ફે ભલો હંસરાજભાઇ ઝાપડીયાનો ગુનાહિત ઇતિહાસઃ-**

(૧) લાઠી પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૧૧૧૯૩૦૩૪૨૨૦૨૦૬/૨૦૨૨, પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી)

**➢ દારૂના ધંધાર્થી વિજય ઉર્ફે લાલો કાથડભાઇ બંધીયાનો ગુનાહિત ઇતિહાસઃ-**

(૧) લાઠી પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૭૩/૨૦૧૮, પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧

(૨) લાઠી પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૧૧૧૯૩૦૩૪૨૨૦૨૦૬/૨૦૨૨, પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી)

**➢ ભયજનક ઇસમ દાઉદ કાળુભાઇ મોરીનો ગુનાહિત ઇતિહાસઃ-**

(૧) સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૦૭/૨૦૧૯, આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(બી)(એ) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫

(૨) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૩૨૦૦૫૫૯/૨૦૨૦, આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(બી)(એ)

(૩) સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૨૨૨૦૩૦૧/૨૦૨૨, આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(બી)(એ) તથા

જી.પી.એક્ટ કલમ ૧૩૫

(૪) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૩૦/૨૦૧૭, પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(એ)

(૫) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૧૫૭/૨૦૧૯, પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(એ)

(૬) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૭૫૪/૨૦૨૦, પ્રોહી એક્ટ કલમ ૬૫(સી)(ડી)(ઇ)(એફ)

(૭) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૫૦/૨૦૨૧, પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(એ)

(૮) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૧૯૦/૨૦૨૧, પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(એ)

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



**પ્રેસ નોટ- તા.૧૫/૦૫/૨૦૨૨**

**અમરેલી તાલુકાનાં રાઢીયા ગામની સીમમાં ચોરી કરનાર ઇસમોને કુલ કિં.રૂ.૭,૧૦,૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી ચોરીનો ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી.**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમને** મળેલ બાતમી હકિકત આધારે અમરેલી, સાવરકુંડલા બાયપાસ રોડ ઉપરથી ત્રણ ઇસમોને પીકઅપ વાહન સાથે ઉપરોકત ચોરીમાં ગયેલ મુદ્દામાલનું લસણની હેરફેર કરતા પકડી પાડવામાં સફળતા મળેલ છે. પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા સારૂ **અમરેલી તાલુકા પો.સ્ટે.**માં સોંપી આપેલ છે.

➯ ગુનાની વિગતઃ-

અમરેલી તાલુકાના, રાઢીયાથી લુણીધાર તરફ જવાના રસ્તે પોપટભાઇ વિરજીભાઇ ઉધાડ, ઉ.વ.૬૫, રહે.રાઢીયા, તા.જિ.અમરેલી વાળાની બુટવાળુ નામની વાડી આવેલ છે. ગઇ તા.૦૬/૦૫/૨૦૨૨ નાં રાત્રીના સમયે કોઇ અજાણ્યા ઇસમોએ આ વાડીમાં પ્રવેશ કરી, વાડીના મકાનમાં રાખવામાં આવેલ આશરે ૮૦ મણ લસણ કિં.રૂ.૪૦,૦૦૦/- ની ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે પોટપભાઇએ ફરીયાદ આપતાં, અજાણ્યા આરોપી વિરૂધ્ધ **અમરેલી તાલુકા પો.સ્ટે. એ-પાર્ટ ગુ.રનં ૧૧૧૯૩૦૦૪૨૨૦૪૧૭/૨૦૨૨ આઇ.પી.સી. કલમ ૩૭૯, ૪૫૭** મુજબનો ગુનો રજી. થયેલ હતો.

➯ પકડાયેલ આરોપીઓની વિગતઃ-

(૧) સુનીલ વિરજીભાઇ સોલંકી, ઉ.વ.૩૭, રહે.રાજકોટ, આજીડેમ ચોકડી GIDC આનંદનગર, તા.જિ.રાજકોટ મુળ રહે.નાની ફાફણી, તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ.

(૨) અજય નાથાભાઇ સોલંકી, ઉ.વ.૧૯, રહે.રાજકોટ, આજીડેમ ચોકડી, GIDC આનંદનગર, તા.જિ.રાજકોટ.

(૩) પ્રવિણ ચંદુભાઇ સોલંકી, ઉ.વ.૧૯, રહે.રાજકોટ, આજીડેમ ચોકડી GIDC આનંદનગર, તા.જિ.રાજકોટ મુળ રહે.વાંકીયા, તા.જિ.અમરેલી.

➯ પકડાયેલ મુદ્દામાલઃ-

લસણ ૨૦ મણ કિં.રૂ.૧૦,૦૦૦/- તથા ખાલી બારદાન (ગુણી) નંગ – ૨૫, કિં.રૂ.૦૦/- તથા મોબાઇલ ફોન નંગ ૧ કિં.રૂ.૫૦૦/- તથા પીકઅપ વાહન (રજી. નંબર આવેલ નથી) કિં.રૂ.૭,૦૦,૦૦૦/- મળી મળી **કુલ કિં.રૂ.૭,૧૦,૫૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



**<u>પ્રેસ નોટ- તા.૧૫/૦૫/૨૦૨૨</u>**

**<u>બાબરા ટાઉનમાં રાજકોટ - ભાવનગર હાઇવે રોડ ઉપરથી ગેરકાયદેસર રીતે બાયોડીઝલ ભરેલ ટેન્કર ટ્રક પસાર થવાનો છે તેવી હકીકત આધારે એક ઇસમને ૨૧,૩૭૫ લીટર બાયોડીઝલ તથા ટેન્કર ટ્રક સહિત કુલ કિં.રૂ.૧૯,૭૮,૫૨૮/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બાયોડીઝલનું ગેરકાયદેસર સંગ્રહ, વેચાણ અને હેર-ફેર કરતાં ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપવામાં આવેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બાયોડીઝલની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ રાખી, બાયોડીઝલનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમો સામે કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન રાજકોટ – ભાવનગર રોડ ઉપરથી એક ગેરકાયદેસર બાયોડીઝલ ભરેલ ટ્રક પસાર થવાનો છે તેવી હકીકત આધારે બાબરા ટાઉનમાં નવા સર્કીટ હાઉસની સામેથી ટેન્કર ટ્રક રજી. નંબર GJ-12-AT-5433 માં અનઅધિકૃત બાયોડીઝલ ૨૧,૩૭૫ લીટર સાથે એક ઇસમને પકડી પાડવામાં આવેલ. આ પકડાયેલ ઇસમ તથા અનઅધિકૃત બાયોડીઝલ ભરેલ ટેન્કર ટ્રકને આગળની કાર્યવાહી થવા સારૂ **તાલુકા એક્ઝિકયુટિવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રી, બાબરા** નાઓને સોંપી આપવામાં આવેલ છે.

<u>❖ પકડાયેલ ઇસમ-</u>

સોહનલાલ જોધારામ વૈષ્ણવ, ઉ.વ.30, રહે.૪૬, ખીલોરીયાકી ઢાણીયા, કાતરલા, તા.ધોરીમના, જિ.બાડમેર, રાજસ્થાન

<u>❖ પકડાયેલ મુદ્દામાલઃ-</u>

બાયોડીઝલ ૨૧,૩૭૫ લીટર જેની કિં.રૂ.૧૦,૭૮,૫૨૮/- તથા ટેન્કર ટ્રક રજી. નંબર GJ-12-AT-5433, કિં.રૂ.૯,૦૦,૦૦૦/- મળી **કુલ કિં.રૂ. ૧૯,૭૮,૫૨૮/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.




<u>પ્રેસ નોટ- તા.૧૫/૦૫/૨૦૨૨</u>

<u>સાવરકુંડલા રૂરલ પો.સ્ટે., વિસ્તારનાં ભોકરવા ગામની સીમમાંથી એક ઇસમને ૩૪ કિલો.૮૮૦ ગ્રામ,કિ.રૂા.૩,૪૯,૦૫૦/- મુદામાલ સાથે પકડી પાડી</u>

અધિક પોલીસ મહાનિદેશકશ્રી આતંકવાદ વિરોધી દળ અને કોસ્ટલ સિક્યુરીટી ગુજરાત રાજ્ય, અમદાવાદનાઓ દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યો તથા એન.ડી.પી.એસ. (ગાંજો, અફીણ, હેરોઇન, એમ.ડી.) વિગેરેના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણ અટકાવવા ખાસ સ્પેશ્યલ ડ્રાઈવ (ઝુંબેશ) તા.૨૦/૦૪/૨૦૨૨ થી તા.૧૯/૦૫/૨૦૨૨ સુધીનું આયોજન કરવામાં આવેલ હોય, જેના ભાગ રૂપે એ.ટી.એસ.ના માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને તેવા પદાર્થ શોધી તેનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમોને ઝડપી પાડવા અને ગુજરાત રાજ્યને નશા મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ છે.

જે અનુસંધાને શ્રી યાદવ સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગર નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓએ એસ.ઓ.જી.પો.સ.ઇ.શ્રી તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, એસ.ઓ.જી.પો.સ.ઇ.શ્રી તથા એસ.ઓ.જી. ટીમ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, સાવરકુંડલા રૂરલ પો.સ્ટે., વિસ્તારનાં ભોકરવા ગામે વાડી /ખેતરમાં રહેતા કાનાભાઇ નથુભાઇ સૈડા રહે.ગામ-ભોકરવાગામની ગોરી ટોપરા સીમ, તા.સાવરકુંડલા જી.અમરેલી વાળો પોતાના કબ્જા ભોગવટાની વાડી/ખેતરે ગેરકાયદેસર વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનો જથ્થો રાખી વેચાણ કરે છે. જે અન્વયે સદરહું જગ્યાએ રેઇડ કરતા મજકુર ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

<u>પકડાયેલ આરોપી</u> ઃ-

કાનાભાઇ નથુભાઇ સૈડા ઉ.વ.૪૦ ધંધો. ખેતી રહેવાસી-ભોકરવા ગામની, ગોરી ટોપરા સીમ વિસ્તાર, તા.સાવરકુંડલા જી.અમરેલી.

<u>કબ્જે કરેલ મુદ્દામાલ</u> :-

મજકુર પકડાયેલ ઈસમ ગે.કા. રીતે પોતાનાં કબ્જા ભોગવટાની વાડી/ખેતરે માદક પદાર્થ ભેજવાળો ગાંજો અલગ-અલગ ચાર પ્લાસ્ટીકના બાચકામાં મળી કુલ ૩૪ કીલો ૮૮૦ ગ્રામ જે એક કીલો ગાંજાની કિ.રૂા.૧૦,૦૦૦/- ગણી કુલ ૩૪ કીલો ૮૮૦ ગ્રામ ગાંજાની કુલ કિ.રૂા.૩,૪૮,૮૦૦/- તથા પ્લાસ્ટિકના બાચકાની કિ.રૂ.૦૦/૦૦ ગણી તથા એક છાબડા વાળો સાદો વજન કાટો કિ.રૂા.૨૫૦/- મળી કુલ કિ.રૂા.૩,૪૯,૦૫૦/-ના મુદામાલના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે મજકુર ઈસમ વિરૂધ્ધ એન.ડી.પી.એસ.એક્ટ અન્વયે ગુનો રજીસ્ટર કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ.,શ્રી રાજુલા પો.સ્ટે., તથા એસ.ઓ.જી.પો.સ.ઈ'તથા *એસ.ઓ.જી.ટીમ* દ્વારા એક ઈસમને ગાંજાનાં જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.